## તબક્કો-૧

## હેડ ક્લાર્ક બિન શૈક્ષણિક વર્ગ-૩

## પ્રાથમિક પરીક્ષા (ગ્રુપ-એ તથા ગ્રુપ-બી સંયુક્ત પરીક્ષા)

| | | |
|---|---|---|
| ૧ | તાર્કિક ક્ષમતા | ૪૦ ગુણ |
| ૨ | પરિમાણાત્મક અભિરુચિ | ૩૦ ગુણ |
| ૩ | અંગ્રેજી | ૧૫ ગુણ |
| ૪ | ગુજરાતી | ૧૫ ગુણ |
| | કુલ | ૧૦૦ ગુણ |

- મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારોને પસંદ કરવા પ્રથમ તબક્કા માટે પ્રાથમિક પરીક્ષા MCQ પ્રકારના પ્રશ્નો ધરાવતી પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.
- પ્રાથમિક પરીક્ષા 100 પ્રશ્નોના પ્રશ્ન દીઠ એક ગુણ લેખે કુલ 100 ગુણની રહેશે. પરીક્ષાનો સમય 60 મિનિટનો રહેશે. પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબ દીઠ ૦.૨૫ ગુણ નેગેટિવ માર્કિંગ રહેશે.
- દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાની 20 મિનિટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે.
- પ્રાથમિક કસોટી ફક્ત સ્ક્રિનિંગ ટેસ્ટ માટે છે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહીં.
- પ્રાથમિક પરીક્ષાના અંતે મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારની યાદી તૈયાર કરવામાં આવશે અને મેરીટના આધારે સાત ગણા ઉમેદવારોને બીજા તબક્કાની પરીક્ષા મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.
- મુખ્ય પરીક્ષા માટે લાયક થયેલ ઉમેદવારો આ જાહેરાત અન્વયની શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ અન્ય જરૂરી લાયકાત સંતોષે છે તેમ માનીને મુખ્ય પરીક્ષા માટે શરતી પ્રવેશ આપવામાં આવશે.

SHETH H.P. ARTS & T.S.M. COMMERCE COLLEGE
TALOD

## તબક્કો-2

## મુખ્ય પરીક્ષા:

પ્રથમ તબક્કાની પરીક્ષા બાદ સામાન્ય વહીવટી વિભાગના તા.18/05/2023ના જાહેરનામા મુજબ ગ્રુપ-A માટે વર્ણાત્મક જ્યારે ગ્રુપ-B માટે MCQ પ્રકારના પ્રશ્નો ધરાવતી પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. મુખ્ય પરીક્ષા અંગેની વિગતો આ સાથે સામેલ Appendix-G મુજબ રહેશે.

## Appendix-G

### હેડ ક્લાર્કની જગ્યા માટે મુખ્ય પરીક્ષાનો વિષય:

| પ્રશ્નપત્ર ક્રમાંક | વિષય | ગુણ | સમય |
|---|---|---|---|
| ૧ | ગુજરાતી ભાષા કૌશલ્ય | ૧૦૦ | ૩ કલાક |
| ૨ | અંગ્રેજી ભાષા કૌશલ્ય | ૧૦૦ | ૩ કલાક |
| ૩ | સામાન્ય અભ્યાસ | ૧૫૦ | ૩ કલાક |
| | કુલ | ૩૫૦ | |

- **લઘુત્તમ લાયકી ધોરણ:**

પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ ૪૦% રાખવામાં આવેલ છે. ઉમેદવારે પ્રત્યેક તબક્કાની પરીક્ષામાં લઘુત્તમ લાયકી ગુણવત્તાનું ધોરણ ૪૦% માર્કસ નિયત કરવામાં આવેલ છે. તેમાં કોઈપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦% માર્કસ કરતાં ઓછું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઈપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં.

SHETH H. P. ARTS & T.S.M. COMMERCE COLLEGE TALOD